RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 7

નવેમ્બર - 2018

કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

સૌ રઘુવંશીના હૈયે હૈયે હરખ હરહંમેશ હોય,

કર્મયોગનો કળશ હોય, આદરભાવ અરસપરસ હોય

તો.... તો નવું વરસ સરસ જ હોય ને !





# પ્રકાશના મંગલ પર્વે

**વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો, વડીલો, યુવાનો, દિકરાઓ અને દિકરીઓ....**
**સૌને જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...**

વિક્રમ સંવત ૨૦૭૪ના વર્ષને વાજતે ગાજતે વળાવવાનો દિવસ એટલે દીપોત્સવીનો દિવસ. આ દિવસને આપણે પ્રકાશના દિવસ તરીકે પણ ઊજવીએ છીએ. મતભેદને ત્યાગવાનો આ દિવસ છે. ધર્મક્ષેત્રને વધારવાનો અને કુરુક્ષેત્રને ત્યજવાનો દિવસ છે. પ્રકાશ એટલે પરમાત્માના મુખારવિંદનું તેજ ! એટલે જ દીવો ત્યાં દેવ ને દેવ ત્યાં દીવો. એ રીતે આપણે તો દેવ ત્યાં દિવાળી, દીવે દીવે દિવાળી. દિવાવાળી એટલે તો દિવાળી ! અમાસ પણ દીવાઓથી કેવી દીપે તેનો તો દિવાળીની રાતે જ સાક્ષાત્કાર થાય ! સળગીને પ્રકાશવું એ સ્વભાવ દીવાનો. દુઃખ વેઠીને પ્રસન્ન રહેવું એ સ્વભાવ જિંદાદિલ સજ્જનોનો. સજ્જનો જ ખરેખરા દીવા છે સમાજના. સમાજ ઉજળો રહેતો હોય તો આવા સજ્જનો થકી જ. સજ્જનો જ આપણા પથપ્રેરક અને પથદર્શક. એમની કરુણાના કિરણોથી વિકસતા રહે છે માણસાઈનાં કમળો, એવા પાવન સજ્જનોના પગલે પગલે જ અંકાય છે વિવેકભાવ, નિસ્વાર્થભાવ અને સેવાભાવ સુધી પહોંચવાની કેડી.

વર્ષાન્તે અને નવા વર્ષના આરંભે આપણી અંદર તો એક જ ભાવના ઊછળતી જોવા મળવી જોઈએ : ''સૌનું સુખ તે આપણું સુખ અને સૌનું શ્રેય તે આપણું શ્રેય. એમાં જ આપણું પ્રેય ને એ જ આપણું ધ્યેય. માતૃસંસ્થા મહાપરિષદના માધ્યમથી સૌના દુઃખનિવારણનું અને સૌના સુખસંપાદનનું આપણે સાધન બનીએ એમાં જ આપણી અને આપણી બધી જ પ્રવૃત્તિઓની સાર્થકતા અને સિધ્ધિ. આપણે આપણું સુખ જરૂર શોધીએ પરંતુ કોઈના ભોગે નહીં, સૌના યોગે. આપણી આસપાસના સૌને આપણે વહેંચતા રહીએ મહોબતની મીઠાઈ, ક્લેશની કટુતા તો ક્યારેય નહીં. ક્લેશથી વિષમતા પ્રગટે છે. વિષમતામાં વિપત્તિ, સમતામાં સંપત્તિ. વિષમતામાં વેદના-દુઃખ ને સમતામાં શાંતિ તે સુખ.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના તમામ પ્રકલ્પોનું લક્ષ્ય સમતા જ હોય. એમાં ન હોય કંઈ વધુ કે કંઈ ઘટુ (ઘટ). એ લક્ષ્ય સિદ્ધ કરવાના પ્રયત્નો દરમિયાન વિષમતાના વળી વળીને અનુભવો થતા રહે તો ભલે; આપણા સત્વને કસાવાની એથી તક મળશે અને સમતાનું સુખ બરોબર રીતે માણવાની ક્ષમતા પણ આપણી વધશે. વિષમતાની વેદના જે આપણે વેઠવાની થાય છે તેની સાર્થકતા પણ સમતા સધાયાથી જ સમજાય છે.

આપણે ગઈ દિવાળીએ ક્યાં હતાં ને આજે ક્યાં છીએ એનો હિસાબ બરાબર માંડીએ. ગઈ સાલથી આજદિન સુધીમાં આપણા થકી ક્યાં, કેવો ને કેટલો ફેર પડ્યો છે તેનીયે તપાસ આપણી અંદર ચલાવીએ. નવા વર્ષે હવે નવી ગિલ્લી સાથે નવો દાવ અજમાવવાનો જુસ્સો પણ દાખવીએ.

આપણે સૌ ઈચ્છીએ કે પ્રકાશના આ મંગલ પર્વે આપણે ઝાઝો નહીં તો એટલો તો સંકલ્પ કરી શકીએ કે આપણે આપણી અંદરનો અને આપણી આસપાસનો અજ્ઞાનતા, ગેરસમજ કે નાસમજને કારણે જામતો ને ફેલાતો અંધકાર દૂર થાય. આપણે આપણા ઘરને તો કોડિયાં પેટાવીને પ્રકાશિત કરીએ પણ આપણે આપણી આંતરજ્યોતિને ઉદીપ્ત કરી આપણી જાતને અને સમગ્ર રઘુવંશી સમાજને ય પ્રકાશિત કરીએ.

અંતે દીપોત્સવી પ્રસંગે આપણે સૌ બધા જ ભેદભાવ ભૂલીને આપણા સૌ વચ્ચે સુમેળ અને સદ્ભાવ સ્થપાય, વિધ્વંસક શક્તિઓ સામે સર્જનાત્મક શક્તિ ઊભી થાય અને રઘુવંશી સમાજના લોકોનો એકમેક પ્રત્યે સ્નેહાદર વધે અને જળવાય તેવી પૂજ્ય જલારામ બાપાને હૃદયપૂર્વકની પ્રાર્થના સહ સૌને દિવાળી અને નૂતન વર્ષની શુભકામનાઓ !!!

**પ્રવિણ કોટક**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : 7
નવેમ્બર - 2018
અંક : 81
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (કલીકટ)

માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
લીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ દ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 20 સળંગ અંક : 240


ઇમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલ સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તંત્રી સ્થાનેથી | ૪ |
| શ્રી લોહાણા મહાપરિષદ – આચમન | ૫ |
| સંવત : ૨૦૭૫ સુસ્વાગતમ્ | ૯ |
| માતૃસંસ્થાના ટ્રસ્ટીશ્રીની પહેલ – સમૂહ લગ્ન | ૧૦ |
| પ્રતિભાવ | ૧૧ |
| મહિલા વિભાગ | ૧૨ |
| થેલેસેમિયા નાબૂદી અભિયાન | ૧૪ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૧૫ |
| સંસ્થા સમાચાર | ૧૭ |
| શાબાશ રઘુવંશી | ૧૮ |
| ચિ. વિધિ કોટક – ખૂબ ખૂબ અભિનંદન | ૧૯ |


# શ્રદ્ધાસુમન



**સ્વ. શ્રી શારદાબેન ગંગારામભાઈ ગંઠા**

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી પિયુષભાઈ જી. ગંઠાના માતુશ્રી શારદાબેન ગંગારામભાઈ ગંઠાનું તા. ૪ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ દેહાવસાન થયેલ છે તે જાણી સમગ્ર રઘુવંશી સમાજ દુ:ખની લાગણી અનુભવે છે અને સદ્‌ગતના આત્માને શાંતિ માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ, ટ્રસ્ટી મંડળ, હોદ્દેદારો તથા સર્વે સભ્યશ્રીઓ ભાવાંજલિ અર્પણ કરે છે.

# દિપોત્સવ અને નૂતન વર્ષે આપણી સંકલ્પના



દિપોત્સવ આપણા રાષ્ટ્રનો મહાઉત્સવ છે. એ આપણા દેશનું સાર્વજનિક પર્વ છે. ગુલાબ, સુરજમુખી, કમળ, ડહાલીયા વગેરે પુષ્પોથી બનતા 'પુષ્પગુચ્છ'ની જેમ દિપોત્સવ એટલે વાઘબારસ, ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, નૂતનવર્ષ, ભાઈબીજ, લાભપાંચમ જેવા એક સાથે વિવિધ તહેવારોનો ''તહેવારગુચ્છ'' છે. કેલેન્ડરમાં એક એક દિવસનું ખાનું પૂરીને દિવાળી નથી આવતી, દિપોત્સવની દીપમાળાને હર્ષોલ્લાસથી વધાવવા આખેઆખું એક વર્ષ આતુરતાપૂર્વક રાહ જોવાતી હોય છે. અમાસે આવતી આ દિવાળી એટલે અંધકારને ફેંડવા દીપ પ્રાગટ્ય કરી પ્રકાશના ઉજાશના સત્કારનો સ્વીકાર. પર્વોની મહારાણી 'દિવાળી' દરેક જણને રાજા બનાવી દે છે. દીપમાલા સ્વયં પોતે જ આનંદ - ઉલ્લાસ અને સ્ફૂર્તિની પ્રેરક છે. દીવડાઓની હારમાળા સાથે લોકોના દિલ પણ ઝળાંહળાં થઈ જાય છે. પ્રકાશનું આ પર્વ ગયા વર્ષના લેખાંજોખા કાઢીને નવીન વર્ષનું રંગેચંગે સ્વાગત કરે છે.

આપણી ઉપરથી ગડથોલાં ખાતી દિવાળી આમ તો કાનમાં ઘણું બધું કહેતી હોય છે. વર્ષો આપણામાં કે આપણે વર્ષોમાં ઉમેરાઈએ છીએ એ જાતને પૂછવાની જરૂર છે. માણસ જેમ જેમ દિવાળી વધારે જુએ એમ એમ ક્વોન્ટીટિની સાથે ક્વોલિટી પણ વધવી જોઈએ. ઘણા લોકોને આપણે એવું બોલતા સાંભળીએ છીએ કે, 'મેં તો આવી ઘણી દિવાળી જોઈ નાખી.' તમારા કરતાં તો વધુ દિવાળીઓ અમે જોઈ છે.' પરંતુ શું વધુ દિવાળી જોવાથી આપણે વધુ સમજણા બન્યા ખરા ? જેટલી આપણે દિવાળી જોઈ છે એટલી એના બધા જ દિવસો આપણે સારી રીતે પસાર કરીએ છીએ ? જીવનમાં કંઈક નવીનતમ કરીએ છીએ ? આપણા દોષોનું દહન કરીએ છીએ ? સેવા, ભલાઈ, નિસ્વાર્થ અને અધ્યાત્મ માર્ગે આગળ વધીએ છીએ ખરા ? આ બધા વિચારો નૂતન વર્ષના આરંભે કરવા રહ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮મા વચનામૃતમાં કહ્યું છે કે, ''વેપારી જેમ દિવાળી આવે હિસાબ તૈયાર કરે છે તેમ આપણે સૌ કોઈએ આપણે આ વર્ષમાં આગળ વધ્યા કે ઘટ્યા તેનો હિસાબ અવશ્ય રાખવો જ જોઈએ.''

આપણે આ દિવાળીના પર્વમાં રંગબેરંગી રંગોળી પૂરીએ છીએ તેમ આપણા જીવનમાં અનેક સદ્‌ગુણોની રંગોળી પૂરીએ. દિવાળીમાં જેમ ઘરની સફાઈ થાય છે તેમ આપણે મનની સફાઈ પણ કરીએ. આખું વર્ષ પાળી પોષીને મોટા કરેલા હઠાગ્રહ, દુરાગ્રહ, પૂર્વાગ્રહ, આગ્રહ તથા જીદને કોરાણે મૂકી ન ગમતા વ્યક્તિને પણ ગળે વળગાડીએ. સંબંધોમાં 'ટણીઓ' સંબંધની દૂરી વધારે છે, એ ન ભૂલવું જોઈએ. આ ઉપરાંત શ્રધ્ધા કેરા દિપકને સદાય જીવતો રાખી જીવનને અંજલી બનાવવાનો આ અવસર એટલે દિપોત્સવ અને નૂતન વર્ષ.

સંવત ૨૦૭૫ના શુભારંભે રઘુવંશી સમાજના જનજનના મનમાં ચેતનાના નૂતન આવિર્ભાવ પ્રગટાવી સૌ કોઈને ઉજ્જવળ ભવિષ્યની નવી ક્ષિતિજો માટે પથદર્શક બની રહે તેવા પ્રકલ્પોના સંકલ્પો કરીએ. આ માટે લોહાણા જ્ઞાતિમાં જન્મેલા સંત શિરોમણી, વિશ્વવંદનીય પૂ.યોગીજી મહારાજે ચિંધેલા ''સંપ, એકતા અને સુહૃદયતા''ના સંકલ્પો લઈએ. ''સૌના ભલામાં આપણું ભલું'' હોવાની પરમ પૂજ્ય પ્રમુખ સ્વામિ મહારાજની વાતને હૃદયમાં ઉતારીએ તેમજ આપણા મન, વચન અને કર્મ શુદ્ધ રાખીએ કે જેનાથી અન્યને હાનિ થાય એવું આચરણ આપણા દ્વારા ન થાય. ''સંપત્તિવાન થવું સહેલું છે, શીલવાન થવું અઘરું છે. સત્તાવાન થવું આસાન છે, ગુણવાન થવું કઠિન છે.'' ચાલો આપણે સંપત્તિ અને સત્તાની સાથે શીલ, શાલીનતા, સહજતા, વિનમ્રતા અને ગુણવાન થવાની સંકલ્પના કરીએ. જીવનનું આ અમૃત શોધવા સાગરમંથન જરૂરી નથી, જરૂરી છે સારા થવા માટેનું આત્મમંથન - મનોમંથન.

ભાઈઓ-બહેનો, ચાલો ધરતી જેવા ક્ષમાશીલ થઈએ, આકાશ જેવા ખુલ્લા થઈએ, પવન જેવા ગતિશીલ થઈએ અને સોના જેવા શુદ્ધ થઈએ તો આપણું આવનારું વર્ષ સંકલ્પ સિદ્ધિનું વર્ષ બની રહેશે.

**સૌને વહાલથી વંદન, સૌને સ્નેહપૂર્વકની શુભેચ્છાઓ.**
**પ્રકાશો સર્વના દીવા સ્નેહ - સદ્‌ભાવથી સદા !**

- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના

# શ્રી લોહાણા મહાપરિષદનાં વર્તમાન ટર્મના સાડા ત્રણ વર્ષની સમાપન વેળાએ.

## આચમન

- કનુભાઈ આચાર્ય





**ગંગાને ભગીરથે પૃથ્વી ઉપર ઉતારી હતી ભગીરથ રઘુવંશી હતા...**

**વિશ્વના લોહાણા સમાજની ભાગીરથી એટલે શ્રી લોહાણા મહાપરિષદ...**

શ્રી લોહાણા મહાપરિષદના તેરમા પ્રમુખ તરીકે શ્રી પ્રવીણભાઈ કોટક, મહામંત્રી તરીકે શ્રી હિમાંશુભાઈ ઠક્કર અને ખજાનચી તરીકે શ્રી હિંમતભાઈ કોટકના નેતૃત્વમાં સમાજના અનેક મહાનુભાવોએ જવાબદારી સ્વીકારી તેને સાડા ત્રણ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ને વામન ભગવાને બલિરાજા પાસે સાડા ત્રણ ડગલા ભૂમિ માગી તેની યાદમાં દિવાળીનું પર્વ ઊજવાય છે તેવી એક કથા છે.

બીજી એક કથા એવી પણ છે કે ભગવાન રામે દશેરાને દિવસે રાવણનો વધ કર્યા પછી જ્યારે પાછા ફર્યા ત્યારે અયોધ્યાવાસીઓએ જે ઉત્સવ ઉજવ્યો તે દિવાળી. એવા દિવાળી પર્વના નવલા વર્ષે સમસ્ત વિશ્વના લોહાણા સમાજ તન, મન અને ધનથી સમૃધ્ધ બને તેવી અભ્યર્થના..

આપણે માનીએ છીએ કે સમય પસાર થાય છે, પણ સત્ય એ છે કે સમયની પરિપાટી ઉપર વ્યક્તિ કે સંસ્થા પસાર થતી હોય છે અને જ્યારે પસાર થવું પ્રમાણિત બને છે ત્યારે એ વ્યક્તિ કે સંસ્થાના કાર્યો શ્રેય અને પ્રેયને પામતાં હોય છે. ગંગાનો પ્રવાહ જ્યારે વહેતો હોય છે ત્યારે એ કિનારાને ભીંજવે છે. એને કાંઠે કેટલાંય વૃક્ષો નવપલ્લવિત થાય છે. નવાં બીજ અંકુરાય છે. તૃષાતુર કંઠોની પ્યાસ બુઝે છે. આ બધુ તો દૃષ્ટિગોચર છે; પણ ગંગાનો એ પ્રવાહ ભીતર જઈને જળસ્રાવ બની અનેક સૂકી કૂવલીઓને લીલીછમ પણ બનાવતો હોય છે. અંદરની ધરતીને રસાળ બનાવે છે. જેનું મૂલ્ય આંકી શકાતું નથી. સંસ્થાનું પણ એવું હોય છે. એના વિકાસના આંકડા આપી શકાય છે, બહારથી જોઈ શકાય છે. માપી શકાય છે. પણ એની આંતરિક પ્રક્રિયાનું મૂલ્ય કેમ કરીને આંકી શકાય? તેના દ્વારા જે પ્રસન્નતા, પરિતોષ, ભાવ, આનંદ વિગેરે જે નિર્મિત થતું હોય છે તેને પામવા માટે તો આપણે સ્થૂળતાને છોડીને ત્યાં સૂક્ષ્મદ્રષ્ટિ સાથે પ્રવેશવું પડે. આવા તળના ખ્યાલ સાથે શ્રી લોહાણા મહાપરિષદનાં કાર્યોને જોયાં-જાણ્યાં અવલોક્યાંને માતૃસમ સંસ્થાના વહેતા પ્રવાહમાંથી ખોબામાં ઝીલાયું તેટલું આચમન સ્વરૂપે અહીં રજૂ કરું છું.

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વિદ્યાક્ષેત્રે સ્કોલરશીપનું જે ઉમદા કાર્ય થયું છે અને થઈ રહ્યું છે તેના દ્વારા આપણા સમાજના બાળકોના હૈયામાં કેવી પ્રસન્નતા પ્રગટી હશે? બાળકોના આ પ્રસન્ન ચહેરાનો ફોટો પાડી શકાય તો??

નિદા ફાજલી ઊર્દૂ ભાષાના પ્રસિદ્ધ કવિ છે. એકવાર એ પાકિસ્તાન ગયા. મુશાયરો ચાલતો હતો. તેમણે પોતાનો જ એક શેર કહ્યો.

**"મસ્જિદ હૈ યહાઁ સે બહુત દૂર,**
**ચલો, રોતે હુએ બચ્ચેકો હંસાયા જાય... ?"**

એક મૌલવી એકદમ ઊભા થઈ ગયા. શું તમારે મન મસ્જિદ કરતાં પણ બાળક મહાન છે? આ તો ખુદાની તૌહીન (અપમાન) છે. નિદા ફાજલીએ કહ્યું, માણસે મસ્જિદ બનાવી છે. બાળકને ખુદાએ બનાવ્યું છે. માણસના સર્જન કરતાં ખુદાનું સર્જન વધારે શ્રેષ્ઠ છે.

આ જ પ્રકારે બાળકોને પ્રસન્નતા આપવા જેમણે શિક્ષણમાં મોટું દાન આપ્યું છે તેવા દાતા સન્માનીય પ્રતાપભાઈ દત્તાણી, કે. સી. ઠક્કર, શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી તથા શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ જેવા સખાવતી ટ્રસ્ટોનું સ્મરણ

કરી તેમને સલામ પાઠવું છું. પોતાના પુત્રને શિક્ષિત બનાવવો એ સ્વકેન્દ્રી છે. પણ બીજા બાળકોને શિક્ષિત બનાવવા એ સર્વ તરફની ગતિ છે. દાતાશ્રીઓ અને સમાજશ્રેષ્ઠીઓની કરુણા સ્વ તરફથી સર્વ તરફ વહી છે. હર બાળકના ચહેરામાં અદશ્ય રૂપે કોઈ રોનક બેઠો હશે; કોઈ પુત્ર બેઠો હશે. વ્યક્તિની આ વ્યાપકતા છે.

સ્કોલરશીપ પ્રાપ્ત કરેલા હજારો બાળકોને પૂછવું છે કે તે તમારી પ્રસન્નતાને જરા અમારી તરફ મોકલો તો ખરા ?

**પ્રશ્ન થયો તો એક દિ અંધકારને**

**ફોટો પાડવો છે મારે પ્રકાશનો ?**

ને પ્રકાશનો ફોટો ના પાડી શકતો અંધકાર જગતમાં કહેતો ફરે છે કે - પ્રકાશ તો છે જ નહીં....

કેટલીય વ્યક્તિઓને અણીના સમયે મેડિકલ સહાય મળી હોય ને ખડકની ધાર ઉપર ઊભેલા એનું જીવન બચી ગયું હોય ! તૂટતા શ્વાસ જ્યારે પાછા ફર્યા હોય ત્યારે છવાયેલા હરખનું મૂલ્ય કેટલું ? આરોગ્ય ક્ષેત્રે દાન આપનાર પ્રવીણભાઈ કોટક અને તેમના પરિવારના સહયોગને કેવળ રકમથી જ માપશો ?

હજારો વૃક્ષો વવાયાં હોય એને આપેલા ઓક્સિજન અને શોષેલા કાર્બન ડાયોક્સાઈડ દ્વારા પર્યાવરણમાં પરિવર્તિત થયેલા પરિમાણને કેમ કેમ આંકવું ? પર્યાવરણ સમિતિના માધ્યમથી વૃક્ષો વાવો, ધરતી બચાવો, વીજળી બચાવો, અન્ન બચાવો- જીવન બચાવો, પાણી બચાવો જેવા અભિગમથી યુવા પેઢીને સંગઠિત કરવાનું ભગીરથ કાર્ય અને તેના ફળો સમાજસેવીઓની નવી પેઢી યાદ કરશે તે નિર્વિવાદ છે.

આવું સૂક્ષ્મ કાર્ય દરેક સમિતિઓ દ્વારા થયું છે. તેને એક અલગ દષ્ટિથી માપી શકાય. પણ આપણે તો વેપારી ! રૂપિયામાં જ જો કિંમત આંકીએ તો આંકી પણ શકાય પણ એની ફળશ્રુતિને કેવળ રૂપિયાથી ના માપી શકાય.

જગતમાં મૂડીવાદી વિચારધારા પ્રવર્તે છે. અમેરિકા યુરોપમાં મૂડીવાદી અર્થતંત્ર દ્વારા જ માનવ કલાકોને માપવામાં આવે છે. એક વિચારકે કહ્યું કે - આપણે ત્યાં કથાઓ થાય છે એમાં હજારો માનવ કલાક બગડે છે. જો આ જ માપપટ્ટી હોય તો આપણે ત્યાં સેવા કરનારા કેટલા બધા માનવ કલાકો બગાડે છે ? સન્માનીય શ્રી યોગેશભાઈ લાખાણી લોહાણા મહાપરિષદના પ્રમુખ બન્યા પછી તેમણે લાખોની ધીકતી પ્રેક્ટીસ છોડી દીધેલી તેના અનેક લોકો સાક્ષી છે. ષષ્ટમ અધિવેશનના ગ્રંથોના સંપાદન / આલેખન માટે તેમના કાર્યાલયે જવાનું થતું. ગુજરાતભરમાંથી તેમની પાસે ખૂબ અઘરા અને પેચીદા કેસો આવતા. ફીનો સવાલ નહીં. અમારો કેસ તમે જ લડો અને સવિનય એ કેસને નકારતાં શ્રી યોગેશભાઈ લાખાણીને મેં જોયા છે. યુવાન અને ડાયનેમિક નેતૃત્વ ધરાવતા શ્રી હિમાંશુભાઈ ખ્યાતનામ કોલેજોમાં એક લેક્ચર આપવાના પાંચ આંકડામાં રૂપિયા મેળવે છે. તેમણે એ બધી કમાણી છોડી દીધી છે. માનનીય પ્રવિણભાઈ કોટક જેવાની શક્તિ અને સમયને અર્થશાસ્ત્રની પરિભાષામાં મિનિટની ઉત્પાદકતા સાથે માપી શકાય. કર્મઠ હિંમતભાઈ કોટક પોતાનાં મહત્તમ સમયનું રોકાણ શ્રી લોહાણા મહાપરિષદની સેવાર્થે કરે છે. પણ આ બધા આટલી મોટી કમાણી છોડીને આમાં કેમ આવ્યા હશે ?

આપણી સમાજ વ્યવસ્થા ધર્મ, અધ્યાત્મ અને સેવાને સર્વોપરિ માને છે. હજારો લોકો છે કે જે યંત્રની જેમ કામ નથી કરતા, સેવા પણ કરે છે. ઘણું જતું કરીને

**"કુછ લોગ હોતે હૈ જો ડૂબતી હુઈ કશ્તિ પર સોતે હૈં,**

**અગર દુનિયાકી કુછ ચાહત હૈ તો બસ ઈતની હી હૈ...."**

પણ આટલું બધું છોડીને સેવા કરનારાઓને કે સંગઠનમાં કામ કરનારાઓને પોતાના સન્માનનો પણ ભોગ આપવો પડે છે : ધૂપસળીની જેમ જાતે બળવું પડે છે, એ સમાજની કરુણતા છે. હિન્દુઓ માટે રામ આરાધ્ય દેવ છે, પંરતુ રઘુવંશીઓ માટે રામ પોતાના પૂર્વજ છે. રામની કથાઓ, વાર્તાઓ, માન્યતાઓ સમગ્ર હિન્દુ જીવનમાં વણાયેલી છે. પણ રઘુવંશી લોહાણા સમાજ તો એના લોહીના નાતે એના જિન્સ સાથે વધુ નિકટ રીતે જોડાયેલો છે. રામ-રાવણ વિષેની હજારો કથાઓમાં એક કથા એવી છે કે - રાવણના પરાજયનું એક કારણ વિભિષણ દ્રોહ પણ હતો. રાવણના મૃત્યુ

સમયે રામને શ્રાપ આપ્યો હતો કે - ''તમે મારા ભાઈથી મને વિખૂટો પડ્યો છે, એટલે તમારા કુળમાં પણ ભાઈ-ભાઈ વચ્ચે વિખવાદ થશે.'' શું જ્યારે જ્યારે એકતાની વાત આવે કે સંગઠનની વાત આવે ત્યારે આ રાવણ રઘુકુળના કોઈ ભાઈના અંતરમાં પ્રવેશીને પ્રતિશોધ લેતો હશે.!

વાલ્મીકિ રામાયણ અને તુલસીકૃત રામાયણમાં પણ ઉલ્લેખ છે કે - રાવણને એવો શ્રાપ મળે છે કે જ્યારે તારાં દશ માથાં જુદી જુદી રીતે વિચારશે ત્યારે તારું પતન થશે. જ્યાં સુધી રાવણનાં દશ માથાં એક જ વિચારથી બંધાયેલાં હતાં ત્યાં સુધી એનો પરાજય ના થયો. આપણે દિવાળી શું ફટાકડા ફોડી, મીઠાઈ ખાઈ, નવાં કપડાં પહેરી, ખોટા-ખોટા રામ-રામ કરીને મનાવશું કે આપણા આરાધ્ય દેવ રામ-રાવણની કથાનો સંદેશ પણ ઝીલશું?

જે સમાજ અશિક્ષિત હોય, રૂઢિવાદી હોય, પરંપરાને સત્ય માનતો હોય, ભાવનાવાદી હોય, જાતિની એકતામાં અખૂટ શ્રદ્ધા ધરાવતો હોય તેવા સમાજનું સંગઠન ચલાવવું સરળ છે. આવાં સંગઠનો ખૂબ ઉત્કર્ષ સાધી શક્યાં છે, પરિણામલક્ષી બની રહ્યાં છે. રાજકીય રીતે કે આર્થિક રીતે તેમનું આગવું સ્થાન છે. જે આપણે જોઈ શકીએ છીએ. પણ આપણા જેવો વેપારી અતિ બુદ્ધિમાન ગણતરીબાજ સમાજ કે જેની પાસે કલ્પના અને તર્ક છે. સમાજ વાચાળ અને બહિર્મુખી છે. અર્થપ્રધાન હોવાને કારણે વધુ સ્વલક્ષી છે, તેવા સમાજનું સંગઠન ટકાવવું અઘરું હોય છે. જો કે આમાં અપવાદરૂપ સમાજો પણ છે. કે જે વધુ શિક્ષિત, બુદ્ધિશાળી, આર્થિક રીતે સમૃદ્ધ છે ને છતાં વધુ સંગઠિત છે. કારણકે તેમનામાં કંઈક એવું હકારાત્મક તત્ત્વ છે કે જે સમાજને સંગઠિત રાખે છે.

નૃવંશ શાસ્ત્ર પ્રમાણે લોહાણાના જિન્સનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ થયો છે. સરેરાશ લોહાણો અગ્રેસીવ હોય છે. એ અંતિમ છેડાનો માણસ છે. એ બહુ જલ્દી ઉગ્ર થઈ શકે છે. લડી શકે છે પણ બીજા છેડે એ ભાવનાથી છલોછલ થઈને રડી પણ શકે છે. ઘણા પ્રતાપી લોહાણાઓને ભાવનાથી ગદ્ગદીત થઈને રડતા જોયા છે ને સમય આવે વગર તલવારે લડતા પણ જોયા છે. બે અંતિમ છેડાની વચ્ચે મધ્ય માર્ગે એ ભાગ્યે જ આવી શકે છે એટલે ઠેસ વાગતાં એ વ્યગ્ર પણ થઈ શકે છે.

સૂફી સંત મંસૂર અનલ હક બોલ્યા કરે. જેનો અર્થ થાય હું જ બ્રહ્મ છું. બાદશાહ સમજ્યો કે મંસૂર પોતાને જ ખુદા કહેવડાવે છે. તેને પકડ્યો. પરંપરા પ્રમાણે તેને નગર બહાર હજારો લોકોની હાજરીમાં સજા ફરમાવવામાં આવી. દરેકે એને ફરજિયાત મારવો પડે. એક પછી એક લોકો આવતા ગયા. તેને પથ્થર મારતા ગયા. મંસૂર તો હસ્યા કરે. બાદશાહ ચીડાયો. કપાળ છૂંદાયું, મોઢું લોહીલુહાણ થઈ ગયું. લોહીના રેલા ઉતરે. મંસૂર હસતો રહ્યો. બાદશાહને નવાઈ લાગતી હતી. આટલો માર પડ્યા પછી ય હસે છે! ત્યાં તેના ગુરુ જુન્નેદનો વારો આવ્યો. ગુરુ જુન્નેદે હાથમાં રહેલું ફૂલ મંસૂરને માર્યું ને મંસૂર રડવા લાગ્યો. બાદશાહ આશ્ચર્ય ચકિત થઈ ગયો. તેણે મંસૂરને પૂછ્યું કે, 'પથ્થરના ઘા માર્યા ત્યારે તું હસતો રહ્યો અને ફૂલના ઘાથી કેમ રડવા લાગ્યો?' ત્યારે મંસૂરે કહ્યું કે - 'જે લોકો જાણતા નથી, અજ્ઞાની છે તે પથ્થરના ઘા મારે તેના કરતાં જે જાણે છે, જ્ઞાની છે તેના ફૂલના ઘા વધુ પીડા આપે છે.' જે એકતા, સંગઠન, સહકારની ભાવના જાણે છે, સમજે છે, વ્યાખ્યાયિત કરે છે. એના મહિમા માટે સ્વયં પ્રયત્નશીલ છે એ જ જો ફૂલોના ઘા કરે તો...??

ગદ્ગદ્ કંઠે કહેવાઈ જાય છે,

આપ ગૈરોં કી બાત કરતે હૈ.
હમને તો અપનોં કો ભી આજમાયે હૈ.
હમને કાંટો સે હી નહીં,
ફૂલોં સે ભી જખ્મ ખાયે હૈં...

ઘણીવાર આશ્ચર્ય થાય છે કે લોકો આવા સેવાને પંથે કેમ ચાલતા હશે? જો કે ફૂલના જખ્મ ખાઈને પણ કાંઈ મંસૂર અનલ હક બોલવાનું નથી છોડતો. જે કર્મ કરે છે તે કર્મ કરવાના જ છે. કારણ કે

ફૂલને કહે છે કોણ કે મહેંકી ઊઠો તમે,
તાસીર એવી કે ખુદ મહેંકી જવાય છે.

એ તો મહેંકતા રહેશે.

**દૂસરોં કે પરવરિશમેં લોગ ક્યા પાતે હૈં ?**
**કભી તાના સહતે હૈ કભી પથ્થર ખાતે હૈં.**
**વે હાથ મેં ફૂલોં કા દસ્તા થામતે હૈં.**
**જો ઉનકે રાસ્તે મેં કાંટે બીછાતે હૈં...**

શ્રી લોહાણા મહાપરિષદના સાડા ત્રણ વર્ષના કાર્યકાળમાં અમૃત પણ મળ્યું તો થોડું ઝેર પણ...

**'દોસ્તો, આવો મળીને વહેંચી લઈએ,**
**ઝેર પીવાને હવે કોઈ શંકર નહીં આવે.**

ને દોસ્તો એ સાથે મળીને પીધું પણ છે. એકતાને ટકાવવા માટે, સંગઠનને બચાવવા માટે, પણ ઝેરની સાથે સાથે અમૃત મળ્યું છે તે પણ વહેંચાઈ રહ્યું છે.

પ્રકૃતિમાં પૂર્ણતાની વ્યવસ્થા જ નથી. જગતમાં કોઈ પૂર્ણ છે જ નહીં, પણ હું જો ગુણગ્રાહી બનું ને દરેક વ્યક્તિમાંથી, પરિસ્થિતિમાંથી, સંબંધોમાંથી, ઘટનાઓમાંથી ગુણગ્રહણ કરતો રહું તો મધમાખીની જેમ ગુણનો મધપૂડો બનું...

જૈન રામાયણ ગુણગ્રાહી છે. મૃત્યુ પામતા રાવણને જોઈને ભગવાન રામ લક્ષ્મણને કહે છે કે, ''જા, રાવણને ગુરૂ બનાવ.' લક્ષ્મણ ભાભીનું અપહરણ કરનાર રાવણનું મોં પણ જોવા ન ઈચ્છે પણ રામ કહે છે કે, ''જેની પાસે સારું હોય તે ગ્રહણ કરવું.'' લક્ષ્મણ રાવણને ગુરૂ બનાવી વિદ્યા શીખે છે. જૈનોની એકતાના પાયામાં આ રામ હશે ? આપણે પણ આવા ઉદાર ચરિત ક્ષમાશીલ રામને આદર્શ બનાવી મિચ્છામિ દુક્કડમ્‌ની ભાવના સાથે સંગઠનને વધુ મજબૂત બનાવીએ તેવી દિવાળીની ભગવાન રામ પાસે અભ્યર્થના સહ...

સઃ ગચ્છધ્વમ, સઃવદધ્વમ્... ચાલો આપણે સાથે ચાલીએ, ચાલો આપણે સાથે એકતાનો મંત્ર બોલીએ. વેદમંત્રની આ ભાવનાને જીવનમાં ઉતારીએ.

**અસ્તુ**

## સ્ટેચ્યુ ઓફ યુનિટી



ફક્ત પૂતળું જોવા જશો નહીં, પણ જવું હોય ત્યારે યાદ રાખજો કે સરદાર આ એક એવું લોખંડ છે જેને આજદિન સુધી કાટ લાગ્યો નથી ને આવનારા હજારો વર્ષ સુધી લાગવાનોય નથી..
ફક્ત પૂતળું જોવા જશો નહીં... જવું હોય તો સરદારનો ગગનચુંબી સંકલ્પ જોવા જજો.
ફક્ત પૂતળું જોવા જશો નહીં.. જવું હોય તો સરદારની અડીખમ તાકાતને જોવા જજો.
સરદારે દેશમાંથી સરકી રહેલી યુનિટીને કેવી રીતે 'સ્ટેચ્યૂ' કહીને રોકી દીધી હતી એ સમજવા જજો!!
ફક્ત પૂતળું જોવા જશો નહીં.. નક્કામા ઊભા રહેવાને બદલે કર્મવીર કેવી રીતે થઈ શકાય એ જોવા જજો.

સરદાર જયંતિ નિમિત્તે અખંડ ભારતના સ્વપ્નશિલ્પી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ કોટિ નમન...

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિશ્વના સૌથી ઊંચા સ્ટેચ્યુનું તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ ના રોજ લોકાર્પણ કરીને ભારતવર્ષને એક વધુ કિર્તીમાનથી જાજરમાન બનાવ્યો છે અને ગુજરાતની ધરતી ઉપર પ્રવાસીઓ માટે આકર્ષણનું એક નવું કેન્દ્ર ઊભું કર્યું છે તે બદલ ગૌરવ સાથે સૌ રઘુવંશીઓને નૂતન વર્ષના ખૂબ ખૂબ અભિનંદન....

# સંવત : ૨૦૭૫ ... સુસ્વાગતમ્

નવા વર્ષનો છે, આ નવતર પડાવ, પ્રભુ, જીવન મળ્યું, જાણે ખોબે ખોબે ભર્યું, તે જડ્યું. સ્થિર થયો સ્થાને સ્થિરતા, અને સ્થાને બીરાજી સર્વ જ્ઞાતિમાતાના સદ્કાર્યો કાજે, લાગણી છે પ્રવેશી

હા ! છે મારે ઘણું ઘણું આપવું, સ્વાર્થ છોડી પરમાર્થે છે કરવો, દિવાળીની આ અમાવાસ્યાની રાત્રે, આતમ્ જ્યોત સમો, ચેતનવંત તેજસ્ દિવડો પ્રગટાવવો, ને ક્યાંકથી કોઈએ સાદ પાડ્યો,

તો ચાલ મનડા, માનવ કલ્યાણનો આંગણે અવસર છે આવ્યો, કો'ક ખૂણો અંધાર્યો મારે છે અજવાળવો, સ્થાને બીરાજી સર્વ જ્ઞાતિમાતાના સદ્કાર્યો કાજે !

ભગવાન શ્રી રામે દશેરાના પવિત્ર પર્વ એટલે માયાવી દસ મસ્તીકીય રાવણનો વધ કરી રાક્ષસ નગરી છતાંય સોનાની લંકામાં વિભીષણનો રાજ્યાભિષેક કરી અયોધ્યા ભણી પ્રયાણ કર્યું.

મનુષ્ય માત્ર અનેકાનેક દુર્ગુણોના પોટલા મસ્તકે મૂકી ફરતો હોય છે. મૂંઝાતો – અટવાતો માનવી સાચી દિશાએ જવા મથતો રહે છે.

લોહાણા એટલે રઘુવંશી તે ભગવાન શ્રી રામના વંશ જ હોય તેની દૃષ્ટિ અને સૃષ્ટિનું માપદંડ કાંઈક અનોખું જ હોય છે. પ્રતિક્ષણ ખૂણે ખૂણે અજવાળા પાથરવાનો થનગનાટ હોય છે.

સાચું કહું તો ભલે અયોધ્યા મધ્યે ભગવાન શ્રી રામે રામ રાજ્યની સ્થાપના કરી ભારતવર્ષને રાજ્ય – રાજકર્તા – સહાયકો – પ્રજાનો આદર્શ સુમેળ બતાવ્યો પરંતુ વિશેષમાં દિપોત્સવી તો આ આપણા સૌરાષ્ટ્ર – ગુજરાત કે કચ્છની જ જોવા જેવી હોય. ત્યાં નવરાત્રીનો ગરબો હોય કે અન્ય ઉત્સવ હોય, ભારોભાર હૃદયનો આનંદ ઠલવાય ! તેમાં વધુમાં કહેવાયું કે, ''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં વસે ગુજરાત !તે સાચું જ છે પરંતુ તેથી આગળ વધીએ તો

'જ્યાં જ્યાં વસે એક રઘુવંશી, ત્યાં ત્યાં વસે સદાકાળ રામ રાજ !'

કહેવાયું છે કે, 'ખીણ શી ઊંડાઈ મળજો, શ્રૃંગની ઉંચાઈ મળજો, આતમ્ આખું આવરી લે, પાંખને એટલી પહોળાઈ મળજો...

નાનકું કોઈ ન લાગે, હા રે ભાયા ! મનની એટલી મોટાઈ મળજો. ને લોહાણાના ખોરડે, જનમ લીધો છે – મારા મા'ડી તો ઘેર ઘેર, જલાની ઝૂંપડી.

જીવ – જીવતરને ભૂખ્યા ને અન્નથી તૃપ્ત કરજો !

હૃદયની વિશાળતા જોવી હોય તો લોહ (લોખંડ) સમા લોહાણા જે ધાર્યું નિશાન પાર પાડી શકે. સંતો – ભક્તો– મહંતો ને તો તે છે આપણું ગૌરવ !

ભગવાન શ્રીરામના ગુણગાન અને કથામાં જેઓએ જીવનનું આયખું પૂરું સમર્પિત કરી રહ્યા છે તેવા મોરારિબાપુએ પણ લોહાણા મહાપરિષદના મંચ ઉપરથી રઘુવંશી લોહાણા લક્ષણો કહ્યા.

– રઘુકુળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પણ વચન ન જાય...

– રઘુવંશીનું લક્ષણ મન ખોટે રસ્તે ન જાય.

– આંગણે આવે તેને ના ન કહે.

– કાળ સામે આવે તો ય ન ગભરાય.

બાપુએ કહ્યું કે સમય તમારી સામે જુએ અને કાંપે ! અને વધુમાં કર્તવ્ય સમજાવ્યું ' રામ ભજન અને રોટલો ભૂલતાં નહીં.'

છેલ્લે અવિનાશ વ્યાસની અમર રચના : 'રાખનાં રમકડાં મારે રામે રમતાં રાખ્યાં રે...'

ને આપણે શ્રીરામ વંશી કાંઈક આવું ગાઈએ

'રામનાં રમકડાં મારા રામે સમત્વ આપ્યાં રે,

સત્યલોકની માટીમાંથી માનવ કહીને તારયાં રે, રામનાં રમકડાં....'

– ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)

# માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટીની અનુકરણીય પહેલ



લગ્ન એક પવિત્ર બંધન છે. તન કરતાં મનના મિલનનું ખૂબ મહત્વ છે. લગ્ન એક ઋણાનુબંધ છે.સમૂહલગ્નનું આજના મોંઘવારીના યુગમાં વિશેષ મહત્વ છે. અન્નદાન, વિદ્યાદાનની જેમ કન્યાદાનનું ખૂબ જ પૂણ્ય મળે છે. આપણા પરિવારની દીકરીને પરણાવીએ તેમ જ્ઞાતિની, સમાજની દીકરીઓને આશીર્વાદથી મળતું પુણ્ય ખૂબ જ છે. સમૂહ લગ્નના માધ્યમથી જ્ઞાતિના સમાજના દીકરા-દીકરીઓને પરણાવવાની પ્રથા છેલ્લાં કેટલાક વર્ષોથી વિકસિત અને સંસ્કૃતિને આધારિત છે. ભૂતકાળમાં આપણને રઘુવંશીઓને યાદ છે અને ગૌરવ છે કે ભગવાન શ્રી રામજી, લક્ષ્મણજી, ભરતજી અને શત્રુઘ્નજીના લગ્ન એક જ દિવસે થયેલા છે. આ સમૂહ લગ્નનો શુભારંભ ગણાય. એક સમજ (માન્યતા) એવી છે કે, આર્થિક રીતે સધ્ધર અને સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પોતાના પરિવારના દીકરી-દીકરીઓના લગ્ન માટે સમૂહલગ્નમાં જોડાય તો જ સામાજિક રીતે સમૂહલગ્નની સાર્થકતા ગણાય. એક જ્ઞાતિ કે સમાજ એક જ સમૂહલગ્નનું આયોજન વર્ષમાં એક કે બે વાર શુભ દિને શુભ મુહૂર્તમાં કરે તો વધુ ઉમદા ગણાય. આપણા લોહાણા રઘુવંશી સમાજના મંડળો, ગામો અને શહેરો અલગ અલગ આયોજન કરે છે તે મારા મતે યોગ્ય નથી. એકતાની વાતો કરતા આપણા સમાજે આ અંગે વિચારવું જોઈએ. ભૂતકાળમાં આપણા સમાજમાં સમૂહલગ્નની શરૂઆત થઈ ત્યારે ખર્ચ અને પિરસાતી વાનગીઓ મર્યાદિત હતી. હવે સમૂહલગ્નના ખર્ચ અને વૈભવ વધતા જાય છે. સમૂહલગ્નમાં બપોર બાદ આશીર્વચન અને સન્માનનો કાર્યક્રમ ગોઠવાય છે તેમાં મર્યાદા રાખવાની જરૂર છે. ક્યારેક મૂળ આશય ભૂલી જવાતો હોવાનું પણ પ્રતીત થતું હોય છે. સમૂહલગ્ન બાદ વર-કન્યા વચ્ચે કોઈકવાર નસીબજોગે વિવાદ-કલહ થાય તો આયોજકોએ તે વિવાદ કલહ મટાડવા કે દૂર કરવા રસ લેવો જોઈએ. આજના સમયમાં વડિલ કે મધ્યસ્થીની ભૂમિકા ભૂંસાતી જતી હોય તેવું લાગે છે. ભૂતકાળમાં આર્થિક રીતે સધ્ધર અને સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓના



પરિવારના દીકરા-દીકરીઓ કદાચ સમૂહલગ્નમાં જોડાયા હશે પણ હવે આપણે સૌ તે પ્રયત્ન કરીએ તેવી ભાવના રાખીએ. સમાજને કાંઈક જુદુ અને પ્રેરણાદાયી મળે અને સમગ્ર જ્ઞાતિ-સમાજના ઉત્સાહ, લાગણી અને ઉમંગ સંગઠનમાં બની રહે તે માટે આપણે સૌ હંમેશા પ્રયત્નશીલ હોઈએ છીએ. પ્રાતઃસ્મરણીય સંત શિરોમણી પૂ.જલારામબાપા હંમેશા સારા સમાજલક્ષી ઉત્કૃષ્ઠ કાર્યો કરવા સમાજના શ્રેષ્ઠીઓને પ્રેરણા આપતા રહે છે અને આ પ્રેરણાનું પ્રોત્સાહન મહાજનને કાર્ય કરવાનું બળ પૂરું પાડે છે. સમાજલક્ષી કાર્યોની આજ શૃંખલામાં હવે સમાજના બે જ્ઞાતિ શ્રેષ્ઠી પરિવાર સમાજને અનુસરણીય સંદેશો આપવા માટે મહાજનને સાથે લઈ સમૂહ લગ્નના પ્રેરણાદાતા બની રહ્યા છે.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી અને જ્ઞાતિશ્રેષ્ઠી શ્રી પરેશભાઈ પોપટભાઈ ભૂપતાણીના સુપુત્ર ચિ. ધ્રુવિન તથા શ્રી હરેશભાઈ કેશવલાલ મશરૂના સુપુત્રી ચિ. ક્રિનાના શુભલગ્નનું આયોજન તા. ૧૦-૧૨-૨૦૧૮ના રોજ તિલક ફાર્મ, એસ.પી. રીંગ રોડ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, અમદાવાદ ખાતે ધામધૂમથી કરવાનું આયોજન કરેલ. આ આયોજનમાં વિવાહના બંધનમાં બંધાતા ચિ. ધ્રુવિન પરેશભાઈ ભૂપતાણી અને ચિ. ક્રિના હરેશભાઈ મશરૂની સહમતિથી લોહાણા જ્ઞાતિના અન્ય ૪ દિકરા-દીકરીના શુભ વિવાહ આજ ધામધૂમ અને ઉત્સાહથી કરવાનું આયોજન નક્કી કરેલ છે અને આ બંને પરિવારોએ સમસ્ત લગ્ન સમારોહના દાતા બની અને આ સમૂહલગ્ન સ્થાનિક મહાજન એટલે કે શ્રી અમદાવાદ (હા.ઘો.ક.) લોહાણા મહાજનને પ્રોત્સાહિત કરી અને સમૂહલગ્નના નીતિનિયમો અનુસાર જ મહાજનશ્રી દ્વારા જ મર્યાદિત પત્રિકાઓ અને વ્યવસ્થાની સમગ્ર જવાબદારી સોંપી મહાજનશ્રીને પણ ગૌરવાન્વિત બનાવેલ છે. શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી તરીકે શ્રી પરેશભાઈ ભૂપતાણી દ્વારા થયેલી આ પહેલ અને વિશેષ રીતે તેમના સુપુત્ર ચિ. ધ્રુવિને પણ આ સૂચનને અને પિતાશ્રીની લાગણીને સહજ રીતે સ્વીકારી એક આદર્શ રઘુવંશી યુવાન તરીકેની મિશાલ ઉભી કરી છે તે બદલ ચિ. ધ્રુવિન અને ચિ. ક્રિનાને પણ આ ચિરસ્મરણીય પગલાં બદલ ખુબ ખુબ અભિનંદન...

- ભક્ત નવનીત મંગલ ઠક્કર

# પ્રતિભાવ



ઈમારત જો ઊભી કરવી હોય તો,
પાયાની ઈંટને દબાવું પડે છે.
ફૂલોની સુગંધ જો મહેકાવવી હોય તો,
કર્મયોગી બાગબાન બનવું પડે છે.
જ્ઞાતિરત્ન શ્રી પ્રવિણભાઈ હૃદયથી કહું છું,
બેઉના ગુણ છે આપમાં,
ભવ્ય જીવન છે તમારું પરોપકારી જીવન છે તમારું,
સમાજ પ્રેમથી લેશે આપને બાથમાં,
આપણે લોહાણા સૌ એક છીએ,
તે પુરુષાર્થ સિધ્ધ કરી બતાવ્યો છે તમે,
સોલા ભાગવત ભવ્ય અતિથિગૃહ,
બનાવી રંગ રાખ્યો છે તમે.

- રઘુરામભાઈ વસરામભાઈ રાચ્છ, અમદાવાદ

# આવો રઘુવંશી સૌ સાથે રહીએ



જેની અત્યંત આતુરતાથી રાહ જોતા હતાં તે ''શ્રી રઘુકુળ વિશ્વ''નો અંક હાથમાં આવતા સમસ્ત રઘુવંશીઓ દેશ-પરદેશમાં વસતા આપણે ભાઈઓને સમાચાર વાંચી અતિ આનંદ થયો છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર - સેવાના હેતુનું વરેલ હોય દરેક રઘુવંશીઓના હૃદયમાં સ્થાન લીધું છે. તેનો મુખ્ય ઉદ્દેશ નિરંતર જ્ઞાતિસેવા, ભ્રાતૃભાવના ઉદ્દેશથી કામ કરે છે. શ્રી રઘુકુળ વિશ્વમાં આવતા દરેક સમાચાર અત્યંત સત્યની નજીક હોય જેની દરેક રઘુવંશીઓ નોંધ લે.

પરંતુ જ્યારે આવી સેવાકીય પ્રવૃત્તિ સામે વિનાકારણે કાદવ ઉછાળવામાં આવે ત્યારે હરકોઈ રઘુવંશીઓને દુઃખ થાય. સેવાકીય પ્રવૃત્તિને સમાજમાં વગોવાય ત્યારે મારા જેવા રઘુવંશી જીવનસંધ્યાએ પામેલાનો આત્મા રડે છે. અલબત્ત આપણને જે કાંઈ ના ગમતું હોય તેવું થાય. આપણું ધાર્યું ન થાય અગર તો વિચારધારાથી સહમત ન થાય તો તેનું પણ સોલ્યુશન હોય. વિશ્વભરના રઘુવંશી સમાજ અને મહાજનોનું નેતૃત્વ કરતી સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ સામે વગર વિચાર્યું બોલવું તે એક સાચા રઘુવંશીઓને શોભતું નથી. અરે અન્યાય થાય તો અગર તો એક તરફી નિર્ણય લેવાયો હોય તો પણ આપસમાં બેસીને ચર્ચા-વિચારણા કરી દરેક પ્રશ્નો હલ થઈ શકે તો જગતની એવી કોઈ સમસ્યા નથી જેનો કોઈ ઉકેલ ના હોઈ શકે. શ્રી લોહાણા મહાપરિષદ સામે કાદવ ઉછાળનારનું રઘુવંશી સમાજ ક્યારેય બરદાસ્ત ના કરે. રઘુવંશી ક્યારેય અસત્યનો આશરો લેતા નથી તેવું સમાજના દરેક લોકો જાણે છે.

''રઘુવંશીઓ સાચા કદાપિ પ્રેયચી હોતા નથી, કીર્તિ કમાવવા કાજ નીતિ ધર્મને ખોતા નથી.''

આવા જ્ઞતિ વિરોધીઓને સમાજમાં ખૂલા પાડવા દરેક રઘુવંશીઓની ફરજ છે. આવો કોઈ પ્રશ્ન હોય કોઈની લાગણી દુભાઈ હોય, ભૂલચૂક થઈ હોય તો સાથે બેસીને ઉકેલી શકીએ બાકી તો સૂર્ય સામે ધૂળ ઉડાડવાથી કશું જ નહીં મળે તેનો કોઈ અર્થ નથી.

''સાગર સામે વડવાગડ ગુસ્સે થાય તો શું થયું ?, મોજા નથી પહાડથી અથડાય તો શું થયું ? છે સૂર્ય તેજસ્વી કદાપી ઢાકોને બે ઘડી એ વાદળો બે ચાર ભાગા થાય તો પણ શું થયું.''

આવો સહુ સાથે મળી આપણી એકતા અને સેવા કાર્યોને આગળ વધારીએ જય જલારામ....

- મુકુંદરાય ડી. જસાણી (બાબરા)

# મહિલા સમિતિ (મુંબઈ સહ મહારાષ્ટ્ર)

## શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિ મુંબઈના ઉપક્રમે યોજાયેલ ફ્રેશ ફ્લાવર ડેકોરેશન અને ડેમોનસ્ટ્રેશન વર્કશોપ અંગેનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન



શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિ મુંબઈ દ્વારા તા. ૧૧-૯-૨૦૧૮ મંગળવારના રોજ શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી અંધેરી (વેસ્ટ), મુંબઈ ખાતે ફ્રેશ ફ્લાવર ડેકોરેશન અને ડેમોનસ્ટ્રેશન વર્કશોપનો કાર્યક્રમ યોજાઇ ગયો.

કાર્યક્રમની શરૂઆત શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, મુંબઈ સહ મહારાષ્ટ્રના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર તથા કારોબારીના દરેક સભ્યોએ દીપ પ્રગટાવીને કરી હતી ત્યારબાદ કાર્યક્રમના સંચાલિકા શ્રીમતી મીનાબેન પ્રકાશભાઈ મગદાણીએ મંગલગીતનું ગાન કર્યું હતું અને ઉપસ્થિત સર્વે રઘુવંશી બહેનોએ તેમાં સાથ પુરાવ્યો હતો. રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીને સૌ પ્રથમ




મંચ પર સ્થાન આપી મંચની ગરિમા વધારવામાં આવી હતી. ત્યારબાદ મુંબઈ સહ મહારાષ્ટ્રના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરને મંચ પર સ્થાન આપવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રના વિવિધ સ્થળોએથી હાજર રહેલા દરેકે દરેક કારોબારી સભ્યોએ પણ મંચ પર સ્થાન આપવામાં આવ્યું હતું. શ્રીમતી જ્યોતિબેન ઠક્કરે ઉપસ્થિત સર્વે મહેમાનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું અને શ્રીમતી રશ્મિબેન વિઠલાણીને કોઈપણ પરિસ્થિતિના મોહતાજ ન ગણાવતા તેમના હરહંમેશ કોઈ પણ જાતના કાર્યમાં સાથ ને બિરદાવતા ખરા હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો. અને કચ્છી લોહાણા મહાજનના કારોબારી સભ્ય શ્રીમતી નિધિબેન જોબનપુત્રાનો ઓછા ખર્ચે કેવી રીતે ફ્રેશ ફૂલોથી શણગાર કરી શકાય તે માટેના માર્ગદર્શન માટે આવવા બદલ તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરને આજના વિષયના આયોજન માટે દિલથી વધામણી આપી હતી અને આજનો આ વિષય હવે પછી આવી રહેલા તહેવારના દિવસોમાં બહેનોને ખૂબ જ ઉપયોગી પણ થશે તેમ જણાવ્યું હતું.



ફૂલો એ પ્રકૃતિની દેન છે. રંગબેરંગી આકર્ષક અને સુગંધિત ફૂલોને જોઇને જ દરેકના ચહેરા પર એકદમ ફૂલોની જેવું જ સુંદર હાસ્ય આવી જાય છે અને ફૂલોની સુગંધની જેમ આપણું મન પણ મહેંકી ઊઠે છે. પૃથ્વીને સૌંદર્ય પ્રદાન કરનાર ફૂલોના ઓછા ખર્ચે કઈ રીતે સુંદર સજાવટ કરી શકાય તેની માહિતી આપવા પધારેલ શ્રીમતી નિધિબેન જોબનપુત્રાને બાળપણથી જ ફૂલોની સજાવટનો શોખ રહ્યો છે. લગભગ છેલ્લા આઠ-દસ વર્ષથી આપશ્રી હરેકૃષ્ણ ઇસ્કોન મંદિરમાં ડેકોરેટીવ મોટીવ્સ, ભગવાનના ફૂલોના વસ્ત્રો, ઘરેણાં વગેરેની સેવા આપી રહ્યા છે અને છેલ્લા ત્રણ ચાર વર્ષથી આપશ્રીએ પોતાના આ શોખને પ્રોફેશનના રૂપે અપનાવ્યો છે. શ્રીમતી નિધિબેન જોબનપુત્રાએ



ઉપસ્થિત સર્વે બહેનોને જુદા જુદા ફૂલોથી કેવી રીતે ઠાકોરજીની માળા, હાર, ગણપતિના આર્ચ, લગ્ન પ્રસંગે બહેનોને માથામાં નાખવાના વિવિધ બ્રોચ, વિવિધ તહેવારોમાં, પ્રસંગોમાં કેવી રીતે ફૂલોથી સજાવટ કરવી તેની મનમોહક સમજણ પૂરી પાડી હતી અને તેને સર્વે આમંત્રિત મહેમાનોએ ખૂબ ખુશીથી તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યો હતો.

ત્યારબાદ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર દ્વારા આભારવિધિ સંપન્ન કરવામાં આવી. કચ્છી લોહાણા મહાજનના કારોબારી સભ્ય શ્રીમતી નિધિબેન જોબનપુત્રાને મોમેન્ટો ભેટ આપવામાં આવ્યો હતો અને તેમનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો. શ્રીમતી રશ્મિબેન વિઠલાણીનો તથા શ્રી ઘોઘારી લોહાણા મહાજનનો પણ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. લોહાણા મહાપરિષદના ખજાનચી શ્રી નીતીનભાઈ પાંધીના ધર્મપત્ની હેતલબેન પાંધીનો પણ સમય આપવા બદલ આભાર માનવામાં આવ્યો હતો. ઉપસ્થિત સર્વે મહેમાનોનો કાર્યક્રમને સફળ બનાવવા માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. મુંબઈના કારોબારી સભ્યોનો પણ તેમણે કરેલ ઉત્તમ કાર્ય બદલ ઉપરાંત સંચાલિકા શ્રીમતી મીના મગદાણીનો પણ સંચાલન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપપ્રમુક શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, મુંબઈ સહ મહારાષ્ટ્રના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, લોહાણા મહાપરિષદના ખજાનચી શ્રી નીતીનભાઈ પાંધી, શ્રી ઘોઘારી લોહાણા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઉષાબેન વજાણી, કચ્છી લોહાણા મહાજનના શ્રીમતી વર્ષાબેન મજીઠીયા, વાશીથી ભાવનાબેન કેસરીયા તથા શિલ્પાબેન કારીયા, કલ્યાણથી શ્રીમતી મીનાબેન સેદાણી, ડોંબિવલીથી શ્રીમતી જયશ્રીબેન તથા શ્રીમતી રીટાબેન, બદલાપૂરથી શ્રીમતી માલતીબેન મુંબઈથી શ્રીમતી રજનીબેન આયાણી, શ્રીમતી અનસુયાબેન ઠક્કર, શ્રીમતી માધવીબેન સોમૈયા, શ્રીમતી શોભાબેન સુબા, શ્રીમતી નેહાબેન ઠક્કર તથા શ્રીમતી મીના મગદાણીએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**- મીનાબેન મગદાણી**

## શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિ, કલ્યાણ મહાજન અને કલ્યાણ મહિલા સમિતિ આયોજીત સમૂહ રાંદલ માતાજીના લોટાનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિ, કલ્યાણ મહાજન અને કલ્યાણ મહિલા સમિતિ દ્વારા સમૂહ રાંદલ માતાજીના લોટાનું આયોજન તા. ૨૩-૮-૧૮ રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. સુંદર સજાવટ, સંગીતના સૂરો અને શ્રધ્ધાથી માતાના લોટાના આયોજનમાં કુલ ૩૦ લોટા તેડવામાં આવ્યા હતા, જેમાં મહિલા મહાપરિષદે પણ બે લોટા તેડ્યા હતા. દરેકે દરેક શ્રધ્ધાળુઓને બ્રાહ્મણોએ ખૂબ જ વિધિસર પૂજન કરાવ્યું હતું. દરેકે શ્રધ્ધાથી માતાજીનું પૂજન કર્યું હતું. આખું કલ્યાણ જાણે ભક્તિભાવના હિલોળા લઈ રહ્યું હતું અને રંગબેરંગી વસ્ત્રોથી સજ્જ ગોરણીઓ પણ પૂરી શ્રધ્ધાથી મહાપ્રસાદને ન્યાય આપી રહી હતી.

આ કાર્યક્રમમાં મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મીબેન વિઠલાણી, મુંબઈ સહ મહારાષ્ટ્રના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર તેમની ટીમ શ્રીમતી રજનીબેન સાયાણી, શ્રીમતી અનસુયાબેન ઠક્કર, શ્રીમતી માધવીબેન સોમૈયા, શ્રીમતી શોભાબેન સુબા, શ્રીમતી મીનાબેન મગદાણી, વાશીથી ભાવનાબેન કેસરીયા, શિલ્પાબેન કારિયા, મીનાબેન કારિયા, આશાબેન મણીધર, પૂનાથી અવનીબેન કુટભુટિયા, ડોંબિવલીના રીટાબેન ઠક્કર તથા જયશ્રીબેન , બદલાપુરથી માલતીબેન, કલ્યાણથી મીનાબેન સેદાણીએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**- મીનાબેન મગદાણી**

# થેલેસેમિયા નાબૂદી અભિયાન

STOP THALASSEMIA

શ્રી જલારામ અભ્યુદય સદ્ભાવના ટ્રસ્ટ દ્વારા થેલેસેમિયા પીડિત બાળકોના સ્વસ્થ આરોગ્ય માટે અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ પાસે કાર્યરત થેલેસેમિયા ડે કેર સેન્ટરને એક કદમ આગળ વધી આ સેવાયજ્ઞમાં થેલેસેમિયા મેજર બાળકોના બ્લડ ટ્રાન્સફ્યુઝનની સેવા પણ ટૂંક સમયમાં ખૂલ્લી મુકાનાર છે. આ માટે દેશભરમાં થેલેસેમિયા નાબૂદી માટે સરાહનીય કાર્ય કરી રહેલ સંકલ્પ ઇન્ડિયા ફાઉન્ડેશન તેમજ રક્ત માટે સપ્લાય અને જરૂરી સંકલન માટે અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થા પ્રથમા બ્લડ બેંક તેમજ સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ (સુપ્રાટેક) સાથે પણ સમજૂતી કરાર સંપન્ન કરવામાં આવેલ છે. થેલેસેમિયા પીડીત બાળકોને નિયમિત રીતે બ્લડ ટ્રાન્સફ્યુઝન કરી શકાય તે માટે આગામી માસથી એક શિફ્ટમાં એક સાથે આઠ બાળકોનું બ્લડ ટ્રાન્સફ્યુઝન થઈ શકે તે પ્રકારની વ્યવસ્થા તથા તે માટે જરૂરી સ્ટાફ તથા ક્લીનીક્લ સપોર્ટ સિસ્ટમ પણ શ્રી જલારામ અભ્યુદય સદ્ભાવના ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળ, દાતાશ્રીઓ અને કાર્યકર્તાઓના સાથ સહકાર અને માર્ગદર્શનથી ઊભી કરવામાં આવેલ છે. આરોગ્યના ભગીરથ સેવા યજ્ઞમાં રક્ત સ્વરૂપે આહુતી પ્રદાન કરવા આપ સૌને હૃદય પૂર્વકની વિનંતી. થેલેસેમિયા બાળકોના લાભાર્થે રક્તદાન કેમ્પોનું આયોજન કરી વિવિધ મહાજનશ્રીઓ તથા સંસ્થાઓને સહયોગી બનવા અમો સમગ્ર ટીમ અપીલ કરીએ છીએ. કાર્ય માટે વધુ માહિતી માટે સંપર્ક : શ્રી જીતેન્દ્રભાઈ કારીયા, મો. ૯૭૨૨૯૦૦૯૦૦.



## સરાહનીય



રાજકોટ લોહાણા બોર્ડિંગ હાઉસનાં પૂર્વ વિદ્યાર્થી ભોમિક ઠક્કરના માતા-પિતા કમલેશભાઈ ઠક્કર તથા માધવીબેન ઠક્કર અમદાવાદથી મળવા આવ્યા અને રૂા. ૨,૦૦,૦૦૦/-નું યોગદાન આપ્યું. ભોમિક ખુબ જ ઉત્સાહી વિદ્યાર્થી તરીકે સૌને પ્રિય હતો. ૩૯૪ વિદ્યાર્થીઓને સમાવતી બોર્ડિંગમાં દર વર્ષે ઘણા વિદ્યાર્થીઓ ખુબ જ ઉત્સાહી અને પ્રગતિશીલ હોય છે. બોર્ડિંગમાં ઘણી પ્રવૃત્તિઓમાં તેમનું સક્રિય યોગદાન હોય છે જેમાં ભોમિકનો પણ સમાવેશ થાય છે. શ્રી કમલેશભાઈને પૂછ્યું કે ભોમિક હમણાં ક્યાં છે ? અને પ્રત્યુત્તરમાં તેઓ અત્યંત ભાવવિભોર બની ગયા અને કહ્યું કે ભોમિકને અમે ગુમાવ્યો છે. ભોમિક કેનેડા ગયો અને કાર એક્સીડન્ટમાં તેણે વિદાય લીધી. ભોમિકને રાજકોટ લોહાણા બોર્ડિંગ પ્રત્યે ખુબ જ લગાવ હતો એટલે અમે નિર્ણય કર્યો કે બોર્ડિંગમાં યોગદાન આપીને ઋણ સ્વીકાર કરીએ. ત્રણ વર્ષ બોર્ડિંગમાં રહીને ભણ્યો હતો અને હરહંમેશ કહેતો કે બોર્ડિંગે મને જીવનની રાહ બતાવી છે. ભોમિકનાં પરિવારે ઋણ સ્વીકાર કરી દીકરાની ઇચ્છા પૂર્ણ કરી એ પ્રેરક છે.

રાજકોટ લોહાણા બોર્ડિંગના પ્રમુખ શ્રી એમ.એમ. ઠક્કર, ટ્રસ્ટીમંડળના સભ્યો હિરાલાલભાઈ માણેક, નવીનભાઈ ઠક્કર, અપૂર્વભાઈ માણેક તથા રામકુમાર બરછાએ પરિવારને સંવેદના પાઠવી હતી અને કહ્યું હતું કે, આપનાં પરિવારને ભોમિકની વિદાયથી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે અને બોર્ડિંગના એક તેજસ્વી વિદ્યાર્થીને અમે ગુમાવેલ છે તે માટે અફસોસ છે. આપે આપેલ યોગદાનમાંથી સામાન્ય પરિવારનાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અપાશે, યુવા વયે ભોમિકે વિદાય તો લીધી પણ માતા-પિતા અને એક બહેન માટે તો ''શૂન્યાવકાશ'' સર્જાઈ ગયો.

**સંકલન : નવીનભાઈ ઠક્કર (મંત્રી), રાજકોટ લોહાણા બોર્ડિંગ હાઉસ**

## પર્યાવરણ સમિતિ

### પાણી બચાવો, જીવન બચાવો

તા.૩-૮-૨૦૧૮ના રોજ આકોટ (વિદર્ભ સહ મધ્યભારત) ખાતે શ્રી સુરેશભાઈ સેદાણી, બાબુભાઈ સેજપાલ તથા પર્યાવરણ પ્રેમીઓ અને હરિ પરિવારના સભ્યો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૪-૮-૨૦૧૮ના રોજ સંતશ્રી જીવદયા ગૌશાળા ખાતે, ભેંસાણ, દિયોદર (ઉત્તર ગુજરાત) ખાતે શ્રી દિપકભાઈ તન્ના, શ્રી વિપુલભાઈ પુજારા, શ્રી સુરેશભાઈ રંગોલી તથા પર્યાવરણપ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૪-૮-૨૦૧૮ ના રોજ પર્યાવરણ સમિતિના શ્રી દિલીપભાઈ ઠક્કર તથા પર્યાવરણ પ્રેમી મિત્રો દ્વારા સિવિલ ડિફેન્સ ઓફિસ ભૂજ (કચ્છ વિભાગ) ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૫-૮-૧૮ના રોજ શ્રી લોહાણા મહાપરિષદ, વિદર્ભ સહ મધ્યભારત વિભાગ દ્વારા રાજનંદગાંવ ખાતે ૧૦૦૦ વૃક્ષો રોપવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી અજયભાઈ ઠક્કર, શ્રી ગોપાલભાઈ ચંદારાણા, શ્રી સુરજભાઈ બુધ્ધદેવ, લોહાણા મહાજન, મહિલા મંડળ તથા યુવા મંડળના સભ્યો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.



તા.૫-૮-૨૦૧૮ ના રોજ જસદણ રામેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં રાજ્ય સરકાર દ્વારા આયોજિત ૬૯મા વન મહોત્સવ ઉજવણીના કાર્યક્રમ પ્રસંગે રાજ્ય સરકારના માનનીય મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા તેમજ પૂર્વ ધારાસભ્ય શ્રી ભરતભાઈ બોઘરા નગરપાલિકા પ્રમુખ શ્રી જીજ્ઞેશભાઈ હીરપરા, શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા સૌરાષ્ટ્ર વિભાગના ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ ઠક્કર, નેશનલ કમિટી મેમ્બર તથા પાલિકામાં બાગ બગીચા સમિતિના ચેરમેન શ્રીમતી સોનલબેન વસાણી તેમજ પૂર્વ નગરપાલિકા પ્રમુખ શ્રી ભરતભાઈ છાયા તેમજ નગરપાલિકા તથા જીલ્લા તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ જસદણ શહેર તથા તાલુકામાંથી ઉપસ્થિત વિશાળ સંખ્યામાં અગ્રણીઓની હાજરીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.



તા.૫-૮-૧૮ ના રોજ જીવદયા ગ્રુપ અને ઉત્તર ગુજરાત લોહાણા મહાજન તરફથી નૂતન વાડી ભરતનગર (કચ્છ વિભાગ) ખાતે તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિના સંયુક્ત મંત્રી શ્રી ભરતભાઈ ઠક્કર હાજર રહેલ.

તા.૫-૮-૧૮ ના રોજ ડીસા ખાતે શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિ તેમજ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સના સંયુક્ત ઉપક્રમે શ્રી રવિભાઈ અખાણી તથા તેમની ટીમ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.



તા. ૯-૮-૧૮ ના રોજ શ્રી ભરતભાઈ બુધ્ધદેવ તથા તેમની ટીમ દ્વારા ખામગાંવ (વિદર્ભ સહ મધ્યભારત) ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૧૧-૮-૧૮ ના રોજ શ્રી સુરેશભાઈ સેદાણી, શ્રી બાબાભાઈ સેજપાલ, શ્રી ભરતભાઈ બુધ્ધદેવ તથા હરી પરિવારના સભ્યો દ્વારા આકોટ (વિદર્ભ સહ મધ્યભારત) ખાતે ૧૦૧ વૃક્ષોનું રોપણ કરવામાં આવેલ.




તા.૧૧-૮-૧૮ ના રોજ શ્રી લલિતભાઈ ઠક્કર, મંત્રી શ્રી મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ પર્યાવરણ સમિતિ તથા પર્યાવરણ પ્રેમીઓ દ્વારા આદર્શ કોમ્પ્લેક્ષ મુંબઈ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૧૨-૮-૧૮ ના રોજ થરા ખાતે શ્રી જલારામ મંદિર થરાના ભૂમિદાતા શ્રી સ્વ.જયંતલાલ વખતરામ ઠક્કર (કાઠીવાળા)ને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા માટે એક ધાર્મિક તથા સામાજીક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ તથા જલારામ મંદિર થરાના સંયુક્ત ઉપક્રમે જલારામ મંદિર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી ભગવાનદાસ બંધુ, શ્રી નિરંજનભાઈ, શ્રી અચરતલાલ ઠક્કર તથા પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.



તા.૧૫-૮-૧૮ ના રોજ ભુજની સરકારી એન્જિનિયરીંગ કોલેજ ખાતે શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ, કચ્છ વિભાગ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિના શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી દિલીપભાઈ ઠક્કર, શ્રી રાજેશભાઈ ઠક્કર, શ્રી લોહાણા યુવામંડળના જતીનભાઈ, રોહિતભાઈ, પ્રશાંતભાઈ તથા સરકારી એન્જિનિયરીંગ કોલેજ ભૂજના સ્ટાફ મિત્રો તેમના પરિવારજનો, વિદ્યાર્થીઓ તથા પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૧૫-૮-૧૮ ના રોજ જલગાંવ જામોદ (વિદર્ભ સહ મધ્યભારત) વિભાગ ખાતે પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી અશોકભાઈ વિઠલાણી, શ્રી નિતીનભાઈ પલાણ, શ્રી રાજેશભાઈ ગોટેચા, શ્રી પરેશભાઈ પલાણ, શ્રી અજયભાઈ પલાણ, શ્રી વિશાલભાઈ સેદાણી, શ્રી મનોજભાઈ પલાણ તથા મનીષભાઈ પલાણ હાજર રહેલ. આવી જ રીતે ૧૯-૮-૧૮ ના રોજ શ્રી ધીરજલાલ તુલસીદાસભાઈ પલાણના ઘરે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૧૯-૮-૧૮ના રોજ થાણે હાલાઈ લોહાણા મહાજન આયોજીત સરસ્વતી સન્માન સમારંભમાં પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના મુંબઈ સહ મહારાષ્ટ્રના ઉપાધ્યક્ષ શ્રીમતી વાસંતીબેન ગોકાણી તથા શ્રી વિરાજભાઈ ઠક્કર, શ્રીમતી ભારતીબેન પરમાણી, શ્રી રજનીકાંતભાઈ કારીયા દ્વારા પર્યાવરણ સમિતિના ''સે નો ટુ પ્લાસ્ટિક અભિયાન'' અંતર્ગત સૌને પેપર બેગનું વિતરણ કરવામાં આવેલ.

તા. ૨૨-૮-૧૮ના રોજ વિદર્ભ સહ મધ્યભારત વિભાગ, પર્યાવરણ સમિતિના મંત્રી શ્રી માનવભાઈ બુધ્ધદેવ તથા તેમની ટીમ દ્વારા અમરાવતીમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ તથા ખામગાંવ ખાતે પર્યાવરણ સમિતિના ભરત બુધ્ધદેવ તથા આર્ટ ઓફ લિવિંગના સંયુક્ત ઉપક્રમે સભ્યોના જન્મદિવસ પર વૃક્ષરોપ ભેટ આપવાની નવીન પહેલ શરૂ કરવામાં આવેલ છે.

તા.૨૬-૮-૧૮ ના વિશાલભાઈ સેદાણીના જન્મ દિવસની ઉપલક્ષમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિના સદસ્ય અશોકભાઈ વિઠલાણી નાંદુરા, શ્રી નીતીનભાઈ પલાણ, શ્રી રાજેશભાઈ ગોટેચા, શ્રી પરેશભાઈ પલન, શ્રી અજયભાઈ પલન તથા વિશાલભાઈ સેદાણી પરિવાર જલગાંવ જામોદ ઉપસ્થિત રહ્યા હતા.

- કિરીટ ભિમાણી, અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ

# સંસ્થા સમાચાર

**જુનાગઢ**

પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ તથા રઘુવંશી સખી સહિયર વૃંદ દ્વારા વેલકમ નવરાત્રી, રઘુવંશી યુવક-યુવતીઓ માટે ૨૦૧૮ ની પરિચય પુસ્તિકા વિમોચન તથા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તા.૭-૧૦-૨૧૦૮ ને રવિવારના રોજ યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆત બપોરે ૪ વાગે હાજર રહેલા તમામ રઘુવંશીઓના હાથે દીપપ્રાગટ્ય કરી જલારામ બાપાના જયઘોષ સાથે થઈ હતી. કેશોદથી પધારેલા જલારામ મંદિરના આગેવાનો શ્રી લોહાણા મહિલા મંડળ - કેશોદના પ્રમુખ શ્રીમતી શોભાબેન બોરિયા, અનીતાબેન કડક તથા મીનાબેન ગોટેચા, શ્રીમતી ચેતનાબેન રામાણી, નગરપાલિકાના કાઉન્સીલર વગેરેના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. રઘુવંશી સમાજની પરિચય પુસ્તિકાનું વિમોચન કરી શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીએ માહિતી આપેલ આ બુકલેટમાં ૧૦૦ યુવતીઓનાં તથા ૨૦૦ યુવકોનાં ફોન નં. તથા બાયોડેટા છાપવામાં આવેલ છે. તદ્દન નિઃશુલ્ક આ કાર્યક્રમમાં ગામેગામથી પધારેલ મહેમાનોએ હાજરી આપેલ. બીજા ચરણમાં સભ્ય બહેનોનાં ૬૫ બાળકોને સન્માનિત કરી શિલ્ડ તથા પ્રમાણપત્રો તેમજ નોટબુકો તેમજ ચોપડા, બોલપેન, પેન્સિલ વગેરેની કીટ અર્પણ કરવામાં આવેલ. રઘુવંશી સખી સહિયર વૃંદે સરસ મજાનો રાસોત્સવ માણેલ. દરેક સભ્ય બહેનોને લહાણી સ્વરૂપે એપલ કટર તેમજ મુખવાસદાની આપવામાં આવેલ. આ વખતે કોન બનેગા કરોડપતિમાં ચમકેલ જુનાગઢનું ગૌરવ હિરેન મહેતાને સંસ્થા તરફથી સિદ્ધેશ્વર મહાદેવની પુસ્તિકા તથા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ તેના પ્રતિભાવમાં કોન બનેગા કરોડપતિમાં કેવી રીતે પહોંચાય તેનું વિશેષ માર્ગદર્શન પણ આપવામાં આવેલ. **- સંકલન : ચેતનાબેન મિશ્રાણી**

**રાજકોટ**

રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી રાજકોટ દ્વારા તાજેતરમાં જ જ્ઞાતિના ધો.૧ થી ૯માં ૮૦% ઉપર ગુણ મેળવનાર ૮૬૪ વિદ્યાર્થીઓનો ૧૯મો પ્રતિભા સન્માન સમારંભ યોજાઈ ગયો. રાજકોટ મ્યુનિ.કોર્પો.ના ડે.કમિશનર શ્રી ચેતનભાઈ ગણાત્રા, પીજીવીસીએલના એક્ઝ.ઓડિટરશ્રી શૈલેષભાઈ દાવડા, સંસ્થાના પ્રમુખ શ્રી રમણભાઈ કોટક, મેને.ટ્રસ્ટીશ્રી પ્રફુલભાઈ ચંદારાણા વિગેરેએ પ્રાસંગિક પ્રવચન કરેલ. સંસ્થા પરિવારના ચંદનબેન સોમૈયા, જ્યોતિબેન પોપટ, દિપકભાઈ માણેક, જયંતભાઈ પાંઉ, કિશોરભાઈ ઘેલાણી, ભરતભાઈ મિરાણી, અમિતભાન કોટક, મનોજભાઈ તન્ના, વિરેન્દ્રભાઈ વસંત વગેરેના પ્રયાસથી કાર્યક્રમ સુંદર રીતે પાર પડેલ. પ્રો.ચેરમેન શ્રી એમ.એલ. નથવાણીએ સમારંભની વિગત આપેલ. પ્રેક્ષા કોટકના મંજીરા નૃત્ય તેમજ ગણપતિ પૂજનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. **સંકલન : રમણભાઈ કોટક**

**જુનાગઢ**

જુનાગઢ લોહાણા મહાજન પ્રેરિત રઘુવંશી સમાજના દાતાઓ આયોજીત સર્વજ્ઞાતિય સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ભાદરવા સુદ- ૯ થી ભાદરવા સુદ -૧૫ તા. ૧૮-૯-૨૦૧૮ થી તા. ૨૫-૯-૨૦૧૮ સુધીનું આયોજન કરવામાં આવેલ. આ સર્વજ્ઞાતિય સમૂહ ભાગવત સપ્તાહમાં ૬૧ જેટલા યજમાનોએ પોતાના પિતૃઓના મોક્ષાર્થે પોથી પધરાવી હતી. આ પાવનકારી જ્ઞાનયજ્ઞના વક્તા પુષ્ટી માર્ગીય યુવા ભાગવતાચાર્ય શ્રી કેતનભાઈ રમણીકભાઈ પેરાણી (માળિયા હાટીનાવાળા) વ્યાયાસને બિરાજી ધર્મસંગીતના સથવારે પુષ્ટીમાર્ગીય શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવ્યું હતું. તા.૧૮-૯-૨૦૧૮ મંગળવારના રોજ બપોરના ૩.૦૦ કલાકે પોસ્ટ ઓફિસ રોડ ઉપર આવેલ શ્રી જલારામ બાપાના મંદિરેથી શ્રીમદ્ ભાગવત પોથીયાત્રા વાજતે ગાજતે નીકળી હતી અને કથાસ્થળે પહોંચી હતી. ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં શ્રી કપીલ નારાયણનો જન્મ, શ્રી શિવ વિવાહ, શ્રી નૃસિંહ ભગવાન જન્મ, શ્રીવામન ભગવાન જન્મ, શ્રી રામ ભગવાનનો જન્મ, શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મ, શ્રી ગિરીરાજજીનો ઉત્સવ, શ્રી રૂકમણિ વિવાહ વિગેરે ઉત્સવો ભાવભેર રીતે ઉજવવામાં આવ્યા હતા. **- સંકલન : નંદલાલ ચોલેરા**

**અમદાવાદ**

શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ દ્વારા ૧૮-૧૦-૨૦૧૮ ને ગુરૂવારના રોજ નવરાત્રી મહોત્સવ ઉજવાયો. મંગલદીપ પાર્ટી પ્લોટ, સાયન્સ સીટી, સોલા, અમદાવાદ ખાતે યોજાયેલ આ નવરાત્રી મહોત્સવમાં સમૂહ ભોજન પ્રસાદ તથા સમૂહ આરતી બાદ લગભગ રાત્રે ૨.૦૦ વાગ્યા સુધી ખેલૈયાઓ ખૂબ આનંદથી ગરબે ઝૂમ્યા હતા. આ મહોત્સવને યાદગાર બનાવવા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભૂપતાણી, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક તથા અન્ય હોદ્દેદારો ઉપરાંત અમદાવાદ સ્થિત અન્ય મહાજનો તેમજ સંસ્થાઓના પદાધિકારીઓએ પણ હાજરી આપી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. પ્રમુખ શ્રી હિમાંશુભાઈ ઠક્કરના સીધા માર્ગદર્શન અને સમગ્ર ટીમના સાથ સહકારથી કાર્યક્રમ દિપી ઊઠ્યો હતો. **સંકલન : મુકેશ પી. હાલાણી (મંત્રી)**

# શાબાશ રઘુવંશી

## યોગેશભાઈ ઉનડકટ (તલાલા)



શ્રી લોહાણા મહાપરિષદના પ્રોજેક્ટ ચેરમેન યોગેશભાઈ ઉનડકટને શ્રી તાલાલા લોહાણા મહાજનના પ્રમુખ તરીકે સર્વાનુમતે બિનહરીફ નિમણૂંક પામવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન...



## ઘનશ્યામભાઈ ઠક્કર (ખંભાત)

ખંભાત લોહાણા સમાજના શ્રી ઘનશ્યામભાઈ પીતાંબરદાસ ઠક્કર જેઓ લોહાણા સમાજમાં ઘણા વર્ષોથી સક્રિય સભ્ય છે અને તેઓ તા. ૧૫-૮-૧૮ થી ખંભાત લોહાણા સમાજના પ્રમુખપદે ચૂંટાયેલા છે. તેઓ તા. ૩૦-૭-૧૮ થી ખંભાત તાલુકા એગ્રી.પ્રોડ્યુસ માર્કેટ કમીટી જે તાલુકાની ખેડૂતો માટેની માતબર સંસ્થા છે. તેમાં ડિરેક્ટર તરીકે પણ ચૂંટાઈ આવેલ છે. જે બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વતી ખુબ ખુબ અભિનંદન...

## દર્શન અનિલ કારીયા, ગાંધીધામ



વિશ્વપ્રસિદ્ધ અને અમેરિકામાં આવેલી યુનિવર્સિટી ઓફ મિશગનમાંથી ઈન્ડસ્ટ્રીયલ એન્જિનિયરીંગમાં માસ્ટર ડિગ્રી ખુબ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન.



## મયુર ઠક્કર (દિયોદર)

દિયોદરના અને ગૌરક્ષક મયુરભાઈ ઠક્કરને તાજેતરમાં મળેલી ભારતીય રક્ષા મંચની રાષ્ટ્રીય કાર્ય કારીણી બેઠકમાં ગુજરાત રક્ષા મંચના અધ્યક્ષ તરીકે વરણી થવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન.

## દીપ સુરેશભાઈ ઠક્કર, થાના



થાના નિવાસી રઘુવંશી દીપ સુરેશભાઈ ઠક્કરને આઈ.આઈ.ટી. મુંબઈમા બી. ટેક. ની ડિગ્રી સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન.

# પ્રવિણભાઈ કોટકની સુપુત્રીની ચિ. વિધિની સગાઇવિધિ યોજાઈ : ચિ. વિધિ અને ચિ. શાનિલના વેવિશાળ પ્રસંગે મુખ્યમંત્રી સહિતના અગ્રણીઓએ શુભાશિષ પાઠવ્યા

## અભિનંદનમ્



ઈસ્કોન ગ્રુપના ચેરમેન શ્રી લોહાણા મહાપરિષદના વૈશ્વિક પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના નિવાસસ્થાન ''કોટક હાઉસ'' ખાતે તેઓની સુપુત્રી ચિ. વિધિ સંગ ચિ. સાનિલની સગાઈના માંગલિક પ્રસંગે ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતીનભાઈ પટેલ, માન.કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલા તથા મંત્રીમંડળના વરિષ્ઠ મંત્રીશ્રીઓ, ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણી, સંગઠન મંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા, અદાણી ગ્રુપના શ્રી ગૌતમભાઈ અદાણી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શ્રી પરિમલભાઈ નથવાણી ઉપરાંત રાજ્યના મુખ્ય સચિવ શ્રી જે.એન. સિંઘ, સરકારશ્રીના ઉચ્ચ અધિકારીશ્રીઓ, રાજ્ય અને દેશ વિદેશના નામાંકિત અનેક ઉદ્યોગપતિશ્રીઓ, પ્રેસ મિડિયાના અગ્રણીઓ, હાઈકોર્ટના જજશ્રીઓ, જીલ્લા કલેક્ટરશ્રીઓ, વિરપુર સ્થિત જલારામ મંદિરના ગાદીપતિ પ.પૂ.શ્રી રઘુરામબાપા સહિત અનેક સંતો મહંતો, અમદાવાદ શહેરના મેયર શ્રી બીજલબેન પટેલ, સમાજશ્રેષ્ઠીઓ, ડૉક્ટરો, એડવોકેટશ્રીઓ, સી.એ. અને સમગ્ર લોહાણા સમાજના આગેવાનો, પરિવારજનોએ ઉપસ્થિત રહી શ્રી પ્રવિણભાઈ કોટક અને શ્રી જયેશભાઈ કોટક પરિવારને આ માંગલિક પ્રસંગે શુભેચ્છા, આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી હતી.















RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th November, 2018





**સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તમામ રઘુવંશી પરિવારોની સર્વે પ્રકારે સુખાકારી માટે નૂતન વર્ષની મંગલકામનાઓ પાઠવે છે અને તમામ રઘુવંશીઓને તન, મન અને ધનથી સેવા સમર્પણ અને સંગઠનના વારસાને સમૃદ્ધ બનાવવા માટે આપના યોગદાન બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.**

પ્રવિણભાઈ ટી. કોટક (પ્રમુખ, ટ્રસ્ટી)

યોગેશભાઈ એસ. લાખાણી (પૂર્વ પ્રમુખ, ટ્રસ્ટી)
રવિન્દ્રભાઈ આર. વાઘાણી (પૂર્વ પ્રમુખ, ટ્રસ્ટી)
પરેશભાઈ પી. ભૂપતાણી (ટ્રસ્ટી)
મોહનભાઈ ટી. ઠક્કર (ટ્રસ્ટી)
સુ શ્રી વિણાબેન એમ. પાંધી (ટ્રસ્ટી)
સુ શ્રી મીતાબેન એમ. મસરાણી (ટ્રસ્ટી)
નીતીનભાઈ જે. રાયચુરા (ટ્રસ્ટી)

ઉમંગભાઈ એચ. ઠક્કર (વરિષ્ઠ ઉપપ્રમુખ)
હિમાંશુભાઈ બી. ઠક્કર (મંત્રી)
પિયુષભાઈ જી. ગંઠા (મંત્રી)
હિંમતભાઈ કે. કોટક (ખજાનચી)
નીતીનભાઈ જી. પાંધી (ખજાનચી)

**સર્વે હોદ્દેદારો તથા કારોબારી અને મધ્યસ્થ મહાસમિતિના સભ્યશ્રીઓ**



**If Undelivered return to:**
**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad**, Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)